# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે બે દિવસીય ખેડૂત તાલીમ યોજાઇ

કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ યોજના અંતર્ગત તા: ૨૮-૨૯/૧૧/૨૦૨૪ દરમ્યાન નાયબ ખેતી નિયામક (તાલીમ), ખેડૂત તાલીમ કેન્દ્ર, ઠાસરા તથા કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલીના સંયુક્ત ઉપક્રમે ફાર્મ ટેકનોલોજિ ટ્રેનીંગ સેન્ટર, નેનપુર ખાતે ડૉ. કે. બી. કથીરિયા, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ "સંસ્થાકીય તાલીમ વર્ગ" યોજાયો. જેમાં મહેમદાવાદ તાલુકાના વિવિધ ગામોમાંથી ૩૦ ખેડૂત ભાઇઓ તથા ૩૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

કાર્યક્રમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એમ. બી. ઝાલા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કૃ.સં.કે., સણસોલી), ડૉ. બી. એન. ઠક્કર (મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, કૃ.સં.કે., સણસોલી), શ્રી. પી. એમ. પટેલ, મદદનીશ ખેતી નિયામકશ્રી, પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યા હતા. પ્રથમ દિવસે, ડૉ. એમ. બી. ઝાલા એ આમંત્રિત મહેમાનો તથા પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન, વિસ્તરણ તથા દિવેલાની નવીન જાતો અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ભલામણ કરવામાં આવેલ વિવિધ પાકોની જાતો અને સંકલિત જીવાત વ્યવસ્થાપન વિષે ખેડૂતોને માહિતી આપી હતી. ડૉ. બી. એન. ઠક્કર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે વિગતવાર માહિતી આપવામાં આવેલ. શ્રી. પી. એમ. પટેલ દ્વારા ખેડૂતોને "ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ તથા તેના વિવિધ ઘટકો" વિષે વિસ્તૃત ચિતાર આપેલ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમના બીજા દિવસે ડૉ. ડી. બી. પ્રજાપતિ દ્વારા ડાંગર અને શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ અને ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પડતી મુશ્કેલીઓના નિવારણના પગલાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ. પ્રગતિશીલ ખેડૂત શ્રી. ચંદુભાઈ જેસંગભાઈ ચૌહાણ અને શ્રી. ઉદેસિંહ ભીમસિંહ ડાભી દ્વારા પ્રાકૃતિક કૃષિ વિશે સમજણ આપી અને પોતાના અનુભવો જણાવેલ હતા. તાલીમમાં ભાગ લેનાર ખેડૂતોને કેન્દ્રની ક્ષેત્રીય મુલાકાત કરાવી કેન્દ્ર ખાતે ચાલતા વિવિધ પાકોના સંશોધન વિશે અવગત કરવામાં આવેલ.












